મોડાસા-બાયડની નગરચર્ચા, ભાજપને સત્તા મળી છે વિકાસના કામ કરી બતાવો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

અરવલ્લીની મોડાસા અને બાયડ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે ત્યારે નગરચર્ચા પણ જાણવા જેવી હોય છે. બંન્ને નગરોના રાજકારણમાં જમીન આસમાનનો ફરક છે. મોડાસામાં નો-રિપીટ થીયરીમાં માત્ર ૧ મહિલા કોર્પોરેટરને રિપીટ કરી ભાજપે મેદાનમાં ઉતાર્યા અને ૩૬માંથી ૧૯ બેઠક મળતાં ભાજપનું શાસન આવ્યું જેમાં રિપીટ કરાયેલા મહિલા કોર્પોરેટર જલ્પાબેન મેહૂલભાઈ ભાવસારને પ્રમુખ પદનો તાજ નસીબ થયો. એક રીતે જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકેની સારી કામગીરીની ભેટ મળી છે. બાયડ પાલિકામાં તત્કાલિન સત્તાધિશોની છેલ્લી હદની હેરાનગતિથી કોંગ્રેસના પરંપરાગત મતદારોએ પણ ભાજપ ઉપર પસંદગી ઉતારી જેના કારણે ભાજપનું શાસન આવ્યું. શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલને ભાજપે ફરીથી મેદાનમાં ઉતાર્યા, જીત્યા અને સંગઠનની સારી કામગીરીના ફલ સ્વરૂપે તેમને ફરી એકવાર પ્રમુખ પદની ભેટ મળી. બંન્ને પાલિકાઓમાં ભાજપને સત્તા મળી છે જેથી વિકાસના કામ કરી દેખાડો તેવો સૂર અત્ર, તત્ર, સર્વત્ર જોવા મળી રહ્યો છે. જો હૂંસાતૂંસી ઘર કરી જશે તો વિકાસના કામ ઠેબે ચઢશે. તમામ સભ્યો વચ્ચે યોગ્ય સંકલન જરૂરી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

હુંસાતૂંસી ઘર કરી જશે તો વિકાસના કામ ઠેબે ચટશે, તમામ સભ્યો વચ્ચે યોગ્ય સંકલન જરૂરી

બાયડ ગ્રામ પંચાયતમાં આજથી ૨૫ વર્ષ અગાઉ સરપંચ પદે મધુબેન મણીભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા તે વખતે સામા પક્ષ માટે જે આક્રોશ હતો તેવો જ આક્રોશ ૨૫ વર્ષ પછી નગરપાલિકાના અસ્તિત્વ દરમ્યાન જોવા મળ્યો. જિલ્લા કોંગ્રેસના પીઢ રાજકીય આગેવાન મણીભાઈ છગનભાઈ પટેલે જણાવ્યું કે બાયડ નગરપાલિકામાં ભાજપને મતદારોએ ખોબલે ખોબલા ભરીને મત આપ્યા છે જે પૂર્વ સત્તાધિશો સામેનો આક્રોશ સ્પષ્ટ જોવા મળ્યો. ૨૫ વર્ષ અગાઉ મેં આવો આક્રોશ નિહાળ્યો હતો. અમે જ્યારે ગ્રામ પંચાયતમાં સત્તામાં આવ્યા ત્યારે પંચાયતની ઓક્ટ્રોય આવક રૂા.૧૩ લાખ હતી જે ૬ મહિનામાં ૨૮ લાખ સુધી પહોંચાડી હતી. અમે સત્તામાં આવ્યા તે અગાઉના સત્તાધિશોએ ૩ બેન્કોમાં માત્ર રૂા.૭૦૦ નું બેલેન્સ રાખ્યું હતું. વેપારીઓ પાસેથી એડવાન્સ ૩ મહિનાની ઓક્ટ્રોય લઈને અમે સારો વહીવટ કરી દેખાડ્યો. આજે ૨૫ વર્ષ પછી પણ બાયડ પાલિકામાં અગાઉના જેવી સ્થિતિ હું અનુભવું છું કારણ કે મને જાણવા મળ્યું છે કે બાયડ નગરપાલિકાનું સ્વભંડોળ માત્ર રૂા.૨ લાખ જેટલું છે. ભાજપના વર્તમાન શાસકોને તેઓએ મીઠી ટકોર કરતાં જણાવ્યું કે જીત્યા પછી સત્તાના મદમાં ઉછળશો નહીં પ્રજાના અનેક કામો ખોરંભે પડ્યા છે તે કામો પૂરા કરશો. અનેક વિસ્તારોને રાજકીય ડંખના સ્વરૂપે સી.સી.રોડ, ગંદા પાણી નિકાલ, લાઈટની સુવિધા મળી નથી, કોઈપણ પ્રકારના ભેદભાવ વગર શાસન કરશો તો પ્રજાના દિલમાં રહેશો, ક્યાંય પણ હૂંસાતૂંસી ન થાય તેનું ધ્યાન રાખશો, કેટલાક સ્પષ્ટ વક્તાઓએ તો મણીભાઈ છગનભાઈ પટેલને એવું જણાવ્યું કે તમે જે બદલો ન લઈ શક્યા તે તમારા દિકરાઓએ બદલો લીધો છે..!! મોડાસા નગરપાલિકામાં ભાજપને સત્તા મળ્યા પછી અનેક સમસ્યાઓના ઉકેલ માટે વર્તમાન શાસકોએ તનતોડ મહેનત કરવી પડશે. બંન્ને નગરપાલિકાઓમાં ટ્રાફીક, રખડતાં ઢોર, ઠેર ઠેર ગંદકી, ઉભરાતી ગટરો મુખ્ય મુદ્દો છે. જેના કાયમી ઉકેલનો પ્રયાસ કરવો પડશે.

ખેડૂત શહીદ દિને અટકાયત, અમે ગુંડા નથી, આવી રીતે અટકાયત કરવી અયોગ્ય

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગાંધીનગર રજૂઆત કરવા નિકળેલા ૧૩ ખેડૂતોની દહેગામમાં અટકાયત

અનેક પડતર પ્રશ્નોથી ખેડૂતો વ્યથિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ખેડૂતો દ્વારા ચણા, ઘઉં અને ડાંરની ખરીદીમાં સરકાર દ્વારા કરાયેલો ઘટાડો, બટાકામાં મંદી હોવાથી ખેડૂતોને સબસીડી

આપવી, એપ્રિલ મહિનામાં તળાવ, ચેકડેમો ઉંડા કરાવવા સહિતની માંગ મુદ્દે તા.૧૯ માર્ચ ખેડૂત શહીદ દિને ખેડૂતો બાયડ તાલુકાના તેનપુરના શહીદ થયેલા ખેડૂતોને શ્રદ્ધાસુમન અર્પણ કરી બાઈક રેલી લઈને ગાંધીનગર સચિવાલય રજુઆત કરવા નિકળેલા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૩ કચ્છી પાટીદાર ખેડૂતોની દહેગામ પોલીસે અટકાયત કરતાં ખેડૂતો સમસમી ઉઠ્યા છે અને અમે કોઈ ગુંડા નથી કે અમારી આ રીતે અટકાયત કરાય તેવી હૈયાવરાળ ઠાલવી છે.

કોરોનાનો કપરો કાળ અને વધતી મોંઘવારીમાં સાચા અર્થમાં જગતનો તાત ખેડૂત પાયમાલ બની ગયો છે. બટાકાની બમ્પર ઉપજ થઈ તો ભાવ તળીયે પહોંચ્યા જેથી ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજનું ભાડું પણ પરવડે તેમ નથી. સરકાર યોગ્ય હલ નહીં લાવે તો ખેડૂતો માર્ગો ઉપર બટાકા ફેંકી દેવા માટે મજબૂર બની શકે છે. ત્યારે સરકારમાં કેટલીક પડતર રજૂઆતો છતાં ખેડૂતોની રજૂઆતો ઉપર ધ્યાન ન અપાતાં જિલ્લાના ખેડૂતો રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે ગાંધીનગર રવાના થયા પરંતુ પોલીસને જાણકારી મળતાં ગાંધીનગર નિકળેલા ૧૩ ખેડૂતોની દહેગામ પાસે અટકાયત કરી પોલીસ મથકમાં બેસાડી દેવામાં આવ્યા હતા. ખેડૂતોએ જણાવ્યું છે કે અમારા પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો તા.૨ એપ્રિલના રોજ ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે.

કયા ખેડૂતોની અટકાયત...

છગનભાઈ પચાણભાઈ ધોળુ, હરજીપુરા, તા.બાયડ
જયંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ, વાવકંપા, તા.મેઘરજ
રમણભાઈ કાનજીભાઈ પટેલ, શિવરાજપુરા, તા.મેઘરજ
હસમુખભાઈ ગંગારામભાઈ પટેલ, વાવકંપા, તા.મેઘરજ
અંબાલાલ પેથાભાઈ પટેલ, દોલપુર, તા.ધનસુરા
ધનસુખભાઈ કરસનભાઈ પટેલ, ધનસુરા
નટવરભાઈ લાલજીભાઈ પટેલ, બાડેરાકંપા, તા.ધનસુરા
દિલીપભાઈ કરમસીભાઈ પટેલ, દોલપુર, તા.ધનસુરા
ભરતકુમાર મણીભાઈ પટેલ, બાયડ
નગીનભાઈ મગનભાઈ પટેલ, કુણોલ, તા.મેઘરજ
લક્ષ્મણભાઈ દેવરામભાઈ પટેલ, નહેરૂકંપા, તા.મોડાસા
રમણભાઈ પ્રેમજીભાઈ પટેલ, નહેરૂકંપા, તા.મોડાસા
પ્રવિણભાઈ દેવજીભાઈ પટેલ, કુણોલ, તા.મેઘરજ

જિલ્લામાં ઉનાળુ ફળ કેરીનું આગમન, પરંતુ ભાવ ઉંચી સપાટીએ

સીઝનના આરંભે કીલો દીઠ કેરીનો ભાવ રૂા.૧૬૦

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ફળ બજારમાં ઉનાળુ ફળોની સીઝન જામી છે. આ વખતે માર્કેટમાં ઉનાળુ ફળ ગણાતી કેરીનું વહેલું આગમન થઈ ગયું છે. જો કે શરૂઆતથી જ ભાવ ઉંચી સપાટીએ રહ્યા છે જેમાં તોતાપૂરી કેરીનો ભાવ કીલો દીઠ રૂા.૧૬૦ બોલાઈ રહ્યો છે. તોતાપૂરીની સાથે કેટલાક વિસ્તારોમાં કાંકણ પ્રદેશની આલ્ફાન્ઝો કેરીનું પણ ધીરે ધીરે આગમન થઈ રહ્યું છે. આગામી ટૂંક સમયમાં જ ફૂટ માર્કેટમાં કેસર સહિતની કેરીનો દબદબો શરૂ થઈ શકે છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં આલ્હાદક સ્વાદ માટે જાણીતી કેરીનું બંન્ને જિલ્લામાં ધીમા પગલે આગમન થયું છે. મહારાષ્ટ્રના કાંકણ પ્રદેશની મીઠી પરંતુ કિંમતમાં મોંઘી ગણાતી આલ્ફાન્ઝો કેરીએ પણ ફૂટ બજારમાં સ્થાન જમાવ્યું છે. જો કે સૌરાષ્ટ્રની કેસર અને વલસાડની હાફૂસ કેરીને બજારમાં આવતાં હજુ ૧૫ દિવસનો સમય લાગી શકે છે. જેમાં તાલાલા, ગીરની કેરીનું ક્યારે આગમન થાય તેની રાહ કેરીના શોખીનો જોઈ રહ્યા છે. હાલમાં તોતાપૂરી સહિતની કેરીનું બજારમાં આગમન થતાં સ્વાદ શોખીનો કેરી ખરીદવા ઉત્સુક જણાય છે પરંતુ હાલ કીલો દીઠ કેરીનો ભાવ રૂા.૧૬૦ બોલાઈ રહ્યો છે. જેના કારણે રોજ ફળોના રાજા ગણાતી કેરીના શોખીનોએ ઓછા ભાવમાં કેરીનો સ્વાદ માણવા માટે થોડાક સમય સુધી રાહ જોવી પડે તેમ છે. સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં આ વખતે વિષમ હવામાન અને એક પછી એક કમોસમી માવઠાંના કારણે કેસર કેરીના ઉત્પાદનને અસર થવાથી બજારમાં કેસરના આગમન પછી ભાવ ઉંચા રહેવાની સંભાવના વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

કોન્ટ્રાક્ટરના છેલ્લી હદના કારસ્તાન : બાયડના ૬ સરપંચો હનીટ્રેપમાં સપડાયાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ તાલુકા પંચાયતમાં વર્કઓર્ડર આપતા અગાઉ જ અનેક ગ્રામ પંચાયતોમાં વિકાસનાં કામો થતાં હોવાની ગંભીર ફરિયાદ વર્ષો જૂની છે ત્યારે કહેવાતા આ ચકોર કોન્ટ્રાક્ટર, સરપંચોની નબળી કડીને જાણી લઈ હનીટ્રેપમાં સપડાવ્યાની આશંકા છે. બાયડ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતોમાં જાણીતા કોન્ટ્રાક્ટરોના કામો ચાલી રહ્યા છે. જેમાં ૪ ભાજપ અને ૨ કોંગ્રેસ સમર્પિત હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે.

૪ ભાજપ અને ૨ કોંગ્રેસ સમર્પિત હોવાની ગરમાગરમ ચર્ચા

બાયડ તાલુકામાં વિકાસના કામોમાં ૧૦ થી ૨૨ ટકાની કટકીનો ભાવ લાંબા સમયથી બોલાઈ રહ્યો છે. આમ તો સરકારી દફતરે માત્ર ગ્રામ પંચાયતોએ કામ કરવાના હોય છે પરંતુ બાયડ તાલુકા પંચાયતમાં અગાઉ અને હાલ પણ પડ્યા પાથર્યા રહેતા કોન્ટ્રાક્ટર અને તેમના મળતિયાઓએ બાયડ તાલુકા પંચાયતના અધિકારીઓની પસંદ-નાપસંદ જાણી લઈ તેમને ખુશ કરી દે છે અને પછી શરૂ થાય છે સરપંચોને તેમની જાળમાં ફસાવવાનો. રંગરેલીયાંની વાતો કરવામાં આવે છે અને તેમાં જે કોઈ સરપંચનો પગ લપસે તેને રોકાણ કરવા સહિતની તમામ સવલત ઉભી કરવામાં આવે છે અને નિયત કરાયેલા કટકીના ભાવમાંથી પ્રથમ રકમ કામ શરૂ થાય તે અગાઉ એડવાન્સ આપવામાં આવે છે. સરપંચ હનીટ્રેપમાં ફસાયા પછી કોન્ટ્રાક્ટર અને તેના મળતિયા તેમની ગ્રામ પંચાયતમાં જાય છે અને પછી ધીરે ધીરે જૂની-પુરાણી વાતો યાદ કરાવી વિકાસના કામોના ગેરકાયદે કોન્ટ્રાક્ટ લેવાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લા કલેક્ટરે બાયડ તાલુકાની ગ્રામ પંચાયતોમાં ભલે દફતર ઉપર ગ્રામ પંચાયતે કામ કર્યું હોવાનું દેખાડ્યું હોય પરંતુ સ્થળ ઉપર પહોંચી પંચનામાં કરવામાં આવે તો કયા કોન્ટ્રાક્ટરે કામ કર્યું તેની વિગત મેળવે તો હનીટ્રેપ સહિત અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને ધનસુરામાં તંત્ર દ્વારા સાવચેતી રાખવા જણાવ્યું

ધનસુરા, તા. ૧૯

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી તા.૧૯/૦૩/૨૦૨૧ અને ૨૦/૦૩/૨૦૨૧ ના રોજ અરવલ્લી માં કેટલાક વિસ્તારોમાં વરસાદ ની આગાહી થયેલ છે. જે પરીસ્થીતિ જોતાં આવા સમયે અરવલ્લી જિલ્લામાં પણ ખેડૂતો પાક અને જાનમાલ ના રક્ષણ માટે ઉચિત પગલાં લેવા તથા તકેદારીનાં પગલા લેવા સંબંધિત ખેડુતોને તંત્ર ધ્વારા જણાવાયું હતુ . ખેતરમાં કાપણી કરેલ પાક અથવા ઘાસચારો ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક તાડપત્રી થી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલા ની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું,તથા ખેડૂતો ખેત પેદાશો ને વેચાણ માટે જાય ત્યારે તાડપત્રી થી ઢાંકીને જાય જેથી આકસ્મિક વરસાદ થી કોઈ બગાડ થાય નહિ. આ ઉપરાંત એ.પી.એમ.સી મા રહેલ જણસીઓ સલામત સ્થળે ગોડાઉન માં રાખવા તમામ વેપારી મિત્રો ને સાવચેતી રાખવા જણાવ્યું હતું.

બટાકાના ભાવો ઘટતા ખેડૂતો દ્વારા આવેદનપત્ર અપાયું

ડીસા, તા. ૧૯

બટાકા નગરી તરીકે ખ્યાતિ પામેલ ડીસા પંથકમાં બટાકા ના ભાવ તળીયે બેસી જતા બટાકાનું વાવેતર કરતા ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે અને જીલ્લામાં અંદાજીત ૮૦૦ થી ૧૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન ખેડૂતોને વેઠવું પડયું છે ત્યારે શુક્રવારે ડીસા ખાતે ખેડૂત ક્રાંતિ યુનિયન ભારત દ્વારા ડીસાના નાયબ કલેકટરને આવેદનપત્ર આપી સરકાર બટાટા નું વાવેતર ખેડૂતો ને મંદી માંથી ઉગારવા કોઈ આયોજન કરે તે માટે રજૂઆત કરાઈ હતી. આ વખતે ૧૦ ટકા જેટલો ભાવ વધારો કરી દેતાં ખેડૂતોને કમરતોડ ફટકો પડ્યો છે એક તરફ બટાટામાં નુકસાન બીજી તરફ મોંઘવારી અને સ્ટોરેજ ના ભાડા પણ વધી જતા હવે ખેડૂતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે જેથી આજે ખેડૂત ક્રાંતિ યુનિયન ભારત દ્વારા ડીસાના નાયબ કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી આ યુનિયન અંતર્ગત ખેડૂતો ડીસા ના મહાકાલી મંદિર પાસેથી રેલી સ્વરૂપે નીકળી નાયબ કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા જયાં નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી સરકાર ખેડૂતો બટાટા ની મંદી માંથી ઉગારવા માટે કોઈ આયોજન કરે તેવી ખેડૂતોએ માંગ કરી છે.

કોરોનાનો ડર ભૂલતાં દંડાયા : ઉત્તર ગુજરાતમાં માસ્ક વગર ફરતા ૩ લાખ લોકો પાસેથી અધધ રૂા.૧૨ કરોડનો દંડ વસુલ

મહેસાણાના લોકો વધુ બેદરકાર, રૂા.૫ કરોડથી વધુનો દંડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાના કપરા કાળમાં માસ્ક નહીં પહેરતા લોકો ઉપર ગુજરાત હાઈકોર્ટ ખફા થઈ હતી અને આકરો દંડ વસુલવા માટે સરકારને તાકીદ કરી હતી. માસ્ક વગર ફરતા લોકો સામે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી જેમાં આશ્ચર્ય વચ્ચે લોકોને કોરોનાનો કોઈ ડર ન હોય તેમ માસ્ક પહેરવાનું ભૂલ્યા હતા અને દંડાયા છે. ઉત્તર ગુજરાતમાં ૨,૯૫,૫૭૬ લોકોએ તંત્રની તપાસ દરમ્યાન માસ્ક પહેર્યા ન હોવાનું જણાઈ આવતાં તેમની પાસેથી કુલ રૂા.૧૨,૫૧,૭૫,૬૦૦નો અધધ દંડ વસુલવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે.

કયા જિલ્લામાં કેટલો દંડ..

જિલ્લો	માસ્ક વગરના વ્યક્તિ	દંડની રકમ
મહેસાણા	૯૪,૯૮૯	રૂા.૫,૦૫,૪૫,૨૦૦
બનાસકાંઠા	૭૭,૫૫૫	રૂા.૨,૫૩,૯૯,૦૦૦
પાટણ	૬૧,૩૯૮	રૂા.૨,૨૬,૮૯,૭૦૦
સાબરકાંઠા	૪૪,૭૭૮	રૂા.૨,૧૬,૮૧,૦૦૦
અરવલ્લી	૧૬,૮૫૬	રૂા.૬૩,૭૩,૬૦૦

સરકાર અને જે તે જિલ્લાના કલેક્ટરો દ્વારા બહાર પાડવામાં આવતા જાહેરનામાનો અમલ થતો નથી. જેના કારણે જિલ્લા સ્તરે આવાં જાહેરનામાં હાસ્યાસ્પદ બની રહ્યાં છે. અકસ્માત ઝોનમાં વાહન ધીમે હંકારવું, શાંત ઝોનમાં હોર્ન ન વગાડવું, કોરોનાનો કપરો કાળ શરૂ થયો જેથી માસ્ક પહેરીને જ ઘરની બહાર નિકળવું..જેવા અનેક જાહેરનામાનું ઉબાળીયું થઈ રહ્યું છે. પરંતુ ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને માસ્ક નહીં પહેરનારા લોકો પાસેથી વધુ દંડ વસુલવાની ટકોર કર્યા પછી સરકાર એક્શનમાં આવી હતી. જેથી પોલીસ, મામલતદાર કચેરી, નગરપાલિકા વિસ્તારોમાં માસ્ક નહીં પહેરનારા આળસુ લોકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી. સ્થળ ઉપર દંડ વસુલાતાં જાણવા મળ્યા મુજબ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૨.૯૫ લાખથી વધુ લોકોએ માસ્ક પહેર્યો ન હોવાનું તપાસ

દરમ્યાન જણાઈ આવતાં તેમની પાસેથી રૂા.૧૨ કરોડથી વધુનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

કોરોનાના ફુંફાળા વચ્ચે પરીક્ષા : હિંમતનગર, મોડાસામાં ૪૨ કેન્દ્રમાં જાહેર સેવા આયોગની પરીક્ષા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

કોરોનાના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અગાઉ મોકૂફ રાખવામાં આવી હતી ત્યારે અગાઉથી નિર્ધારીત થયેલી તારીખ મુજબ રવિવારે સમગ્ર રાજ્યમાં ગુજરાત વહીવટી, મુલકી અને નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૧, ૨ ની પરીક્ષા તા.૨૧ માર્ચે યોજાશે જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૧,૬૧૩ ઉમેદવારો પરીક્ષા આપશે. સાબરકાંઠાના હિંમતનગર, ગાંભોઈ અને ઈલોલ, અરવલ્લીના મોડાસા ખાતેના ૪૨ કેન્દ્રો સ્પર્ધાત્મક પરીક્ષા માટે પસંદ કરવામાં આવ્યા છે. તમામ સ્થળો સી.સી.ટીવી કેમેરાથી સજ્જ છે તેમજ તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ઝોનલ અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. પ્રિલીમ પરીક્ષા હોવાથી જિલ્લા વહીવટી તંત્રના પરીક્ષા માટે કેટલાક પ્રતિબંધ જાહેર કરાયા છે. રાજ્ય સહિત બંન્ને જિલ્લામાં કોરોનાએ માથું ઉંચક્યું છે આ સંજોગોમાં એક તબક્કે પરીક્ષા મોકૂફ તો નહીં રહે ને..?? તેવી અંદેશાએ ઉમેદવારોની ઉંઘ હરામ કરી હતી પરંતુ સરકાર અને વિભાગ દ્વારા તમામ પરીક્ષા નિયત સમયે લેવાની જાહેરાત કરાતાં રાહત થઈ છે.

રવિવારે ૧૧ હજાર ઉમેદવારો પરીક્ષા આપશે, તમામ સ્થળો સી.સી.ટીવી કેમેરાથી સજ્જ

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજીત પરીક્ષા તા.૨૧ના રોજ યોજાવવાની છે. અરવલ્લી જિલ્લાના મોડાસાના ૧૭ કેન્દ્રો ઉપર ૪૭૦૮ ઉમેદવારો પરીક્ષા આપશે. જ્યારે સાબરકાંઠા જિલ્લાના ૨૫ કેન્દ્રોમાં ૬૯૦૫ ઉમેદવારો પરીક્ષા આપવાના છે. રવિવારે સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ કલાકે તથા બપોરના ૩-૦૦ થી ૬-૦૦ વાગ્યાના સમય સુધી વહીવટી, મુલકી અને નગરપાલિકા મુખ્ય અધિકારી સેવાની પરીક્ષા મોડાસાના ૪૨ કેન્દ્રો ઉપર યોજાશે. વહીવટી તંત્ર દ્વારા આ સમયે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ, ફોન, પેજર, સ્માર્ટવોચ, ટેબલેટ સહિતના ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહીં પરીક્ષા કેન્દ્રો આસપાસ ૪ કે તેથી વધુ માણસોએ એકત્ર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

જળઘાત : મોડાસાના બાયલઢાંખરોલના તળાવમાં ડૂબી જતાં ૨ યુવાનનાં મોત

ઈટાડી ગામના મકવાણા પરિવારમાં માતમ છવાયો, પરિવારજનોનાં હિબકાંથી વાતાવરણ ભારેખમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ઉનાળામાં જળઘાતની કરૂણાંતિકા નોંધાઈ છે. મોડાસાના બાયલઢાંખરોલના તળાવમાં ડૂબી જતાં ઈટાડી ગામના બે યુવાનના મોતથી સમગ્ર પંથકમાં હોળી-ધુળેટી પર્વની ઉજવણી માતમમાં ફેરવાઈ ગઈ છે. બંન્ને યુવાનોની એક સાથે અર્થી ઉઠી ત્યારે સમગ્ર ઈટાડી પંથકમાં શોકની કાલિમા છવાઈ હતી. પરિવારજનોનાં હિબકાંથી વાતાવરણ ભારેખમ બન્યું હતું. મૃતક યુવાનો કોલ્ડ સ્ટોરેજમાં કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે.

ચોમાસા દરમ્યાન જળઘાતની ઘટનાઓ અનેક વિસ્તારોમાં નોંધાઈ હતી પરંતુ ઉનાળા દરમ્યાન જવલ્લેજ કરૂણાંતિકાની દુર્ઘટના નોંધાતી હોય છે. ગત રોજ મોડાસા તાલુકાના ઈટાડી ગામના અને કોલ્ડ સ્ટોરેજમાં કામ કરતા મયુર ડાહ્યાભાઈ મકવાણા (ઉ.૧૮ વર્ષ) અને અજય ચંદુભાઈ મકવાણા(ઉ.૧૯ વર્ષ) સમી સાંજે ઘર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે બાયલઢાંખરોલના તળાવમાં મોત પોકારતું હોય તે રીતે બંન્ને યુવાનો તળાવમાં ન્હાવા પડ્યા હતા અને એકાએક ઉંડા પાણીમાં ડૂબી જતાં વધુ પડતું પાણી પી જવાથી મોત નિપજ્યું હતું. ઈટાડી ગામના બે યુવાન તળાવમાં ડૂબી ગયાની વિગતો બહાર આવતાં આસપાસના અનેક લોકો મદદે આવ્યા જેમાંના સ્થાનિક તરવૈયાઓએ બંન્ને યુવાનોને બહાર નિકાળ્યા હતા. દુર્ઘટનાની જાણ થતાં મોડાસા ગ્રામ્ય પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી. મૃતક યુવાનોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાંતિજ માર્કેટયાર્ડની ચુંટણીને લઈને મતદાન યોજાયુ

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડની કુલ-૧૧ સીટો માટેનુ મતદાન શાંન્તિ પૂર્ણ રીતે યોજાયુ હતુ જેમા ખેડુત વિમાગ-૧૦ સીટો અને સહકાર વિભાગની ૧ સીટ માટે મતદાન યોજાયુ હતુ.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ માર્કેટયાર્ડ ખાતે માર્કેટયાર્ડ ના સભ્યો માટે ની ચુંટણી યોજાઈ હતી જેમા ખેડુત વિમાગ ની ૧૦ સીટો માટે અને સહકાર વિભાગ મા ૧ સીટ માટે ની ચુંટણી માટે ની મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી તો વેપારી વિમાગ ની ચારેય સીટ બીન હરીફ જાહેર થઈ છે તો ચુંટણી અધિકારી એ.પી.અસારી દ્વારા નિષ્પક્ષ રીતે અને કોરોના ને લઈને સોશિયલ ડીસટન સાથે ચુંટણી યોજાઈ હતી તો માર્કેટયાર્ડ ના સેક્ટર શૈલેષભાઇ પટેલ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા તો ઉમેદવારો ના ભાવી મત પેટી મા સીલ થયા હતા અને શાન્તી પૂર્ણ રીતે ચુટણી યોજાઈ હતી તો આવતી કાલે તા.૨૦ને શનિવાર ના રોજ પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે મત ગણતરી હાથ ધરવામા આવશે .

જન્મદિને વધામણી

રૂદ્ર અનિલભાઈ ગોપાણી
સાઠંબા, તા. બાયડ

અવસાન નોંધ...

બાયડ : મોડાસાના કુલદિપકુમાર મહેશભાઈ ભાટીયા(ડેપ્યુટી મેનેજર : ઈવિઓ પ્રા.લી., વડોદરા)(હાલ રહે.વડોદરા) અને બાયડ ગામના મનિષકુમાર હસમુખભાઈ ભાટીયા(એલ. એન્ડ ટી.-સુરત)ના સસરા મુકેશલાલ ચુનીલાલ ભાટીયા(મોડાસા)નું નિધન થયેલ છે.